॥ શ્રી બહુચરાજી નમઃ ॥

શ્રી વલ્લવભટ વીજય સ્તુતી

ગાયન સંગ્રહ.

ભાગ ૧ લો.

રચનાર,

રસીક મંડળી—અમદાવાદ.



છપાવી પ્રસિધ કરનાર

ભાવસાર રણછોડલાલ દલપતરામ

અમદાવાદ-ધી "એડવર્ડ" પ્રિન્ટીંગ પ્રેસ.
ઠે. મુંબઈ બેંક પાસે.

આવૃત્તિ ૧ લી, પ્રત ૧૦૦૦
સંવત ૧૯૫૮ સને ૧૯૦૨
મુલ્ય. રૂ. ૦-૨-૦.

શ્રી બહુચરાજી નમઃ

શ્રી વલ્લવભટ વીજય સ્તુતી
ગાયન સંગ્રહ.

ભાગ ૧ લો.

રચનાર,

રસીક મંડળી—અમદાવાદ.

છપાવી પ્રસિધ કરનાર

ભાવશાર રણછોડલાલ દલપતરામ

અમદાવાદ-ધી "એડવર્ડ" પ્રિન્ટીંગ પ્રેસ
ઠે. મુંબઈ બેંક પાસે.

આવૃત્તિ ૧ લી, પ્રત ૧૦૦૦
સંવત ૧૯૫૮ સને ૧૯૦૨
મુલ્ય. રૂ. ૦-૨-૦.

શ્રી વલ્લવભટ વીજય સ્તુતી

ગાયન સંગ્રહ.

ભાગ ૧ લો.

ગાયન ૧ લું. રાગ ધ્રુપત. મંગળા ચરણ જીસેથી

પ્રથમ સ્તુતી કરૂં મા તુજ તણી દે ગતી સુમતી.
નવીન નવીન એક અલ્પમતી, સરસ્વતી ભગવતી.
ભજીએ ભાવે, બહુચર માતા તુજ પદમાં (૨) પ્રથમ.
સંવત ૧૯૫૬ સાલે, ગ્રંથ રચ્યો માજી કીરપાએ.
કરો સાય. નમુ પાય. સરણાંગત જાણી......પ્રથમ.
શ્રષ્ટી તારણ તમે છો માતા, ભક્ત આવીને તુજ ગુણ ગાતા.
ગનનન ગચવી થનનન થચવી, કરતા જે જે કાર.
ભજીએ ભાવે બહુચર માતા તુજ પદમાં. (૨)..........પ્રથમ.

ગાયન ૨ જું. રાગ કલ્યાણી.

શ્રી બહુચરાજી માત, હું સમરી જોડું હાથ.
સાહા કરો અરજી ઉર ધરો, નમો રૂદીયા સાથ....શ્રી બહુચરાજી.
સકળ કાર્યે આરંભે સમરૂ, વીધન દુર સઊ થાય.
તે કારણ હું પ્રથમ પ્રેમથી, લાગું તમને પાય;.....શ્રી બહુચરાજી.

સનખલપુરમાં આપ બીરાજો, બાળી બહુચર માત.
સુંઆળ મધે ધામ મા તારૂ, દેવી છો સાક્ષાત......શ્રી બહુચરાજી.
કીરતી તમારી કરવા માટે, ઉમંગ થયો મનમાંય.
આનંદ આનંદ ઊપન્યો મુજને, ભુડતાં ઝાલો બાંય...શ્રી બહુચરાજી.
સંવત ૧૯૫૬ સાલે, વરસ બેસતે માસ;
તમ કીરપાયે ગ્રંથ રચ્યો છે, હમે તમારા દાસ ......શ્રી બહુચરાજી.
વ્યાકરણુ કે પીંગળ માજી, ભણ્યો નથી લવલેશ;
ભુલ ચુકની ખામી હોયતો, ઊર ન ધરશો લેસ....શ્રી બહુચરાજી.
શ્રષ્ટી તારણુ તમે છો માતા લાગુ તમને પાય;
રસીક મંડળી કેહે કર જોડી કરો અમારી સાય ......શ્રી બહુચરાજી.

ગાયન ૩ જું. યોવન મદમાં ચમકેલી.

જોયા દરબાર માજી તારા, સા આ આ આ રા.
માતુ મારી, સેવા તારી, ગતી ન્યારી;
ગાવો સૌ દાસ પ્રેમ ધરીને, પ્યા યા યા યા રા. જોયા.
બલીહારી, જવું વારી, સોભા તારી.
ભજો સૌજન, હેત કરીને પ્યા યા યા યા રા. જોયા.

ગાયન ૪ થું. રાગ ભતૃહરી.

નમન કરૂ મોરી માવડી, લાગુ લરી લરી પાયજી.
નમીને વંદુ માજી તુજને, કરો અમારી સાહજી. નમન.
સનખલપુર સોયામણું, સોભા અપરંમપારજી.
સોભા રે માજીની મુખથી શી કહુ, વંદુ વારમ વારજી. નમન.

ચંપો ચંબેલીને મોગરો, લાવું ગુલાબ હારજી.
સેવારે ભજાવું માજી તમતણી, થઇ દાસ નીરધારજી. નમન,
માથે મુગટ સોયામણો, ઝળકી રહ્યું માનું મુખજી.
નવ ખંડે તેનું નામ છે, આપો ભકતોને સુખજી. નમન,
જગત જનુની માતછો, લાગુ તમને હું પાયજી.
મંડળી ઉપર માજી મહેર કરી, કરો સેવકની સાહ્યજી. નમન.

ગાયન ૫ મું. રાગ બનઝારો.

સનખલપુરની સોભા છે સારી, હું તો શું કહુ મુખ ઉચારી.
માજી બીરાજ્યા વરખડી મુળ, કરમાંહી ગ્રહ્યું છે તીમુળરે.
ત્યાં જાય છે નરને નારી. હું તો.
માની પારે તે સઉ જણુ જાય, ત્યાંતો પાપીજ પાવન થાયરે.
એ દેવી છે દીનદયારી. હું તો.
માનું દેરૂં ગગનમાં ગાજે, સીર છત્ર સોનાનુ છાજેરે.
તેથી જાઉ હું બલીહારી. હું તો.
ગુણ રશીક મંડળી ગાયે, માજી તેની કરજો સાહ્યરે.
એવા સેવક લેજો ઉગારી. હું તો.

ગાયન ૬ ઠું. રાગ ધન ભાગ પધારો ભમરા.

ધન્ય ભાગ માજી મળીએ, માજીની સેવા કરીએ,
તેથી ભવસાગરમાં તરીએરે. (૨) સાચી બહુચર માત.
સંસાર સરવે ખોટો, મમતામાં ચાલે મોટો.
જીવ પાણીનો પરપોટોરે, (૨) સાચી બહુચર માત.

જરા માજીનું ધ્યાન ધરને, એક મન વડે સેવા કરને.
તેથી ભવસાગરમાં તરનેરે (२) સાચી બહુચર માત
માતું દેર ગગનમાં ગાજે, સીર છત્ર સોનાનું છાજે.
ડાબી બાજુ નારસીંગ ગાજેરે. (२) સાચી બહુચર માત.
એ દેવી દીન દયાળી, સેવકને સુખ કરનારી.
ભક્તોને લે છે ઉગારીરે, (२) સાચી બહુચર માત.

ગાયન ૭ મું રાગ ચાલ જોવાને જાઉં રે બંધ કીલ્લો પીતાજી શું કામ.

સઉ સેવક ચાલોરે આજ માજી કેરાં દરબાર. (२)
સનખલપુરની સોભા છે સારી (२) સોભાતે અપરમપાર. (२) સઉ સેવક.
ઉગમણો માનો ગોખ બીરાજે (२) વંદુ હું વારમ વાર. (२) સઉ સેવક.
દુખજ સૌના દુરજ કરસે (२) ઉતારે ભવપાર. (२) સઉ શેવક.
એવી છે દેવી દીન દયાળી, (२) નમે છે નરને નાર (२) સઉ સેવક.

ગાયન ૮ મું. રાગ નમુ પદ ગીરજાપતીને.

દીયો સુખ માજી સઘળાને (२)
સુરાને સુરાતન આપી, કાપો દુઃખ દુઃખીના.
કરો સાય. નમુ પાય, આવ્યા સરણાને; દીયો.
અમે અલ્પ મતીના બાળ, નીત જપીએ તારી માળ.
આવે કાળ, ભાલે વાળ.
સમરણ કરતાં સરસ્વતીનું, પુરો મતીના તન.
રાખી મન, કરી જતન. આવ્યા સરણાને. દીયો.

રાગ ૧૨ સાવીત્રીનું વ્રતથી બેઓ સાખી કહી રહયા પછી એ પ્રમાણે ઉપડશે.

સર્વે ચાલો સનખલપુર ધામ, આપણુ જઇયેરે.
લઇ માજી તણું સઉ નામ, સુખીયાં થઇયેરે.
ત્યાંતો શોભા તણો નથી પાર, સોભા સારીરે.
મુજ માજી ઉપર લોક, જાય બલીહારીરે, સરવે.

સાખી.

ધન્ય ઘડી ધન્ય આજની, મુખથી કહ્યું નવ જાય.
ભકતો સઉ ભેગા થઇ, હેતે ગરબો ગાય.

ત્યાં રમે છે નરને નાર, બહુચર માડીરે,
માના કપાળે કંકુની આડ, પેહેરી સાડીરે.
સઉ હેતેથી તાલી લે, હરસ વધારીરે.
તેનો સબ્દ ગગનમાં જાય, રમે બળ ધારીરે.

સાખી.

બહુચર માજી આવીઆં, ધરી સોળ સણુગાર.
કંકણુ ચુડી શોભતી, ઉર એકાવન હાર.

માએ માર્યો છે મહીખા સુર, ખડક બારીરે.
સેવકના ટાળ્યાં દુઃખ, તીસુર ઝાલીરે.
એવી દેવી છે દીન દયાળ, બહુચર બાળીરે
કીધો ચોક ચુંવાળમાંવાસ, મઇયા કૃપાળીરે, સરવે.

ગાયન ૧૦ મું. રાગ સુંદીર સામળીઆ

બહુચર મા મારી, દુખડા હમારાં કાપો સુખ આપો માજી.
કષ્ટ અમારાં સંતાપો. બહુચર

મરઘ ઉપર માજી કીધી અસ્વારી, બેઠાં છો દેવી આસન વારી.
કર માંહી તીસુળ આપે ન્યારી, દેવી આપે દીન દયારી.
સેવક જનને ઉગારો, (૨) બહુચર.
દહીંસ મૈખાસુર નાખ્યો મા મારી, સેવકને મા લીધાં ઉગારી.
વીનંતી કરૂં હું સુખ કરનારી, અરજી રસીકની લ્યો ઉરધારી.
બુડતાં બાંય ઝાલો, (૧) બહુચર

ગાયન ૧૧ મું. રાગ નમુ પદે ગીરજા પતીને.

માજી હરો દુઃખની ભ્રીતીને (૨)
અચલ અમલ જગ પાય ન પડતાં, દુઃખ હરતાં સુખ કરતાં.
આશ ઘણી મુને એક, કાપો દુરમતીને. માજી.
ભકત જાણી ઉલટ મન આણી, દયા લાવો દીલ. (૨)
માજી દીસો છો જગદીશ, આપો સુદ્ધ મતીને માજી.
એ ચાર જુગની માય, કરો અમારી મા સાય. (૨)
ઝાલો બાંય, નમું પાય.
રસીક મંડળી વીનંતી માજી ધરો રૂદેની માય. (૨)
મમમાય, કરી કૃપાય, કાપો દુરમતીને. માજી હરો.

ગાયન ૧૨ મું. રાગ માર માર તરવાર.

ઉગાડોને દરબાર, માજી જુવો છો શું. (૨)
જુવો ના, જુવો ના, જુવો છો શું. (૨) ઉગાડો
સેવક આવી બેસી રહયા છે, તેના ઉપર કોપ લાવોછો શું. (૨) ઉ.
સેવક જનને સેવાજ કરવી, તેના ઉપર રોસ ધરો છો શું. (૨) ઉ.

કેડે કટાર માજી સોભે છે સારી, દીન દયાળ તમે શોભો છો શું. (૨) ઊ.
વેડ આંગળીએ શોભે છે સારા, હાથે તીસુર વીચાર કરો છો શું. (૨) ઊ.

ગાયન ૧૩ મું. રાગ વારે વિધારતા ધન્ય છે ધન્ય.

વારે બહુચર માજીની મુરતી, કેવી દીસે તેજકાર.
ભાવેથી ભકત જણા સહુ આવે, માજી તણા દરબાર.
પુરો ભાગ્ય સારી છું આ વાર વારે
સોભે મુરતી બહુ વીસાળ, દેખીને પળ માંહી કંપે કાળ
મુગટ સીરપર સુંદીર સોહે, કંઠે એકાવન હાર.
કેડે કટાર માજી સોભે છે સારી, હાથે ગ્રહી તલવાર. વારે

ગાયન ૧૪ મું. રાગ ક્ષાત્રી કલંચ.

અરે સુણો બહુચરાજી મોરી માત, વીનંતી મારી ઊર ધરો રે.
દીશો છો માજી આપ સાક્ષાત. વીનંતી.
માજી બીરાજો છો વરખડી મુળ. વીનંતી
કરમાંહી ગ્રહ્યું છે તીસુળ. વીનંતી.
હુંતો વંદુછુ વારમવાર. વીનંતી.
માજી કેડે સોભે છે કટાર. વીનંતી.
માજી કાપો ભકતના દુઃખ. વીનંતી.
કાપી કષ્ટને આપો સુખ. વીનંતી.
માજી ઉભો ઉભો કરૂ પ્રણામ. વીનંતી.
છે ચારે જુગમાં તમ નામ. વીનંતી.
ગુણ રસીક મંડળી ગાય. વીનંતી.
નમી નમીને લાગે છે પાય. વીનંતી.

ગાયન ૧૫ મું. રાગ નાથ કેસે ગજકો બંધ છુડાયો

સનખલપુરી આરતી તારી ઉચરીએ,
આવ્યાં સરણે તેની સાય કરીએ. સનખલપુરી.
કુમકુમ કેશર, હાથમે ગોરી, કરસ લઈને ફરીએ.
અબીલ ગુલાલને પુષ્પ ચડાવુ (૨)
તે વીનંતી ઉરમાંહી ધરીએ. સનખલપુરી.
કાનમે કુંડલ સોભે મા સારા, નાકે ઝળકે વારી.
મુગટ સીરપર સોભી રહયો છે. (૨)
ધન ધન બહુચર મળીએ. સનખલપુરી.
બાહે બાજુબંધ બેરખા માજી, કેડે રુકે તલવાર.
મૈખાસુર મારી રૂધીરજ પીધાં. (૨)
ચઉદ ભોવન રાંણી કહીએ. સનખલપુરી.
રસીક મંડળી કે કરજોડી, આલો અમારી બાંય,
ભકત જનોની મા વારે ચડીને. (૨)
અરજી રૂદે માંહી ધરીએ, સનખલપુરી.

ગાયન ૧૬ મું. રાગ ગિતિ.

બહુચર માતુ મારી, હેતેથી હું પાયતો લાગું.
કરગરીને કહું છું, ફરી દરશન પ્રેમેથી માગુ.
જગ્ત જનુની માતા, શાંન્તી કરીને શંકટ સઉ કાપો.
દીન બાળ હું તારો, મેહેર કરીને સુખ મુજને આપો.

ગાયન ૧૭ મું. રાગ વીપરીત બુદ્ધિની નારી.

ધન્ય બહુચર માત મારી, હુ સેવા કરૂં નીજ તારીરે. ધન્ય.
કરગરી કહું મા મારી, અરજી લ્યો ઉર ધારીરે. ધન્ય.
કાપો દુખી તણા દુખ, માજી આપો તમે સુખ.
આ ભક્તો લ્યો ઉગારી. (૨) ધન્ય
મારયો મૈખાસુર આ વાર, હું તો વંદુ વારંમવાર
શું ખુબી માત તારી. (૨) ધન્ય.
હું જપું તમ માળ, ના આવે મુંજપર કાળ.
ઓ દેવી દીનદયાળી, (૨) ધન્ય.
ગુણ ગાય તારો દાસ, માજી પુરો તેની આસ.
મારા સંકટ નાંખો વીદારી. (૨) ધન્ય.

ગાયન ૧૮ મું. રાગ ડરમાં તું દીલ સાથ.

સાચી બહુચર માત જગતમાં સાચી બહુચર માત;
છે ચાર જુગ પ્રખ્યાત. જગત.
ઓ માજી મારી, દીન દયારી,
દરસન કરેછે નરને નારી, જાવુ હું તો વારમ વારી;
હાથમાં તીશુળ ખડક ઝાલી, આંસડી તુસી કોટે ઘાલી.
ભાષણ—ભાઇઓ એ દેવી દીન દયાળી છે.
અહા એ દેવીછે સાક્ષાત. (૨] જગત.
દેર ગગન ગાજે, મહી માત બીરાજે;
સોનાનુ છત્ર માથે છાજે, ડાબી બાજુ નારસીંગ ગાજે;
જમણી બાજુ ભેરવ બીરાજે, નાના પ્રકારના વાજીત્ર વાજે;

ભાષણુ—અહો સભાજનો એ વરખડી તળે બીરાજે છે.
તેથી ભજો સભા સઉ સાથ. (૨) જગત.

ગાયન ૧૯ મું. રાગ નટવર વસંત.

આજ માજી મંડપમાં, ગરબે રમો.
ગરબે રમો ઊમંગ, ઉરમાં ધરો. (૨) આજ.

સાખી

સનખલપુર શોહામણુ, દીસે ઝાક ઝમાર.
સોભા તેની શી કહું વંદુ વારમ વાર
આવડીક વાર અલા લાગી કેમ તુજને.
દરસનનો રંગ જામી રહયો. (૨) આજ.

સાખી.

સુંદીર મુખડુ માજી તણુ, દેખીને ચીત ચાય;
દરસન દેજો દયા ધરી, હું લાગુ તમને પાય.
કુમકુમ કેસર આજ, લો સૌ હાથેરે;
મહી મહી ગુલાબના ફુલ, વધાવો ને સાથેરે,

સાખી.

પુજવા ચાલો આપણે, સૌ ભકતો નીરધાર,
માતાજી પરસન થશે, ઉતારે ભવપાર.
ફુલડાતણા હાર ગુંથાવી લાવજે.
પુંજવા તણો પ્રેમ વાપી રહયો. (૨) આજ.

ગાયન ૨૦ રાગ પ્રીયા મુજ પ્રાણ છો વારીવારી.

માજી મુખ જોઇને રાજી રાજી,
શેવા કરૂ હું તારી માજી માજી;

આણીને નમુ માજી હું તુજને,
હંયો માજી હું નમુ હાજી હાજી. માજી.

સાખી.

મુખ માજીનું જોઇને, હર્ષ પામ્યો અપાર;
તેથી હું પાયે નમુ, વંદુ વારમવાર;
ચરણ કમળનો દાસ હું થાવું,
હંયો દેવી ઉર ધારો અરજી અરજી. માજી.

ગાયન ૨૧ મુ. રાગ માઢ. વીરા વેસાના વારી.

સુણ માતુ હમારી, ખડકવારી, બહુચર મા સાક્ષાત,
બહુચર મોરી માવડીને, હું છું તારો બાળ,
આપ સુખ મને સ્નેહ કરીને, (૨) નાવે મુજપર કાળરે,
છો મુગટ ધારી, મરઘ અસ્વારી, દૈત હરનારી, તીસુળ વારી. બહુ.
સનખલપુરમાં આપ બીરાજો, બાળી બહુચર માત,
વરખડી તળે, ગોખ મા તારો, (૨) હમે નમીએ જોડી હાથરે.
તું છે સુખ કરનારી, દુખ હરનારી, સેવક ઉગારી, જાવું હું વારી. બહુ.

ગાયન ૨૨ મુ. રાગ જોઇ મે સુંદીર ચંચલ નાર.

નમીરે કહું બહુચર મોરી માત, જોડું છું તમને બંનો હાથ. (૨)
માજી તમે કરો સેવકની સાથ, માજી તારો સેવક ઘણો અકળાય. નમી.
નમીને લાગુ તમને પાય, માજી મારી બુડતાં ઝાલે બાંય. નમી.
થયાછો મરઘ ઊપર અસવાર, માજી મને ઉતારો ભવપાર. નમી.
દેવી છો આપે દીનદયાળ, પારે આવે વરણુ અઢાર. નમી.

ગાયન ૧૩ મું. રાગ મુનામ ચાંદનીનો.

માના ચરણુ કમળમાં, ચીત સદા ચોટાડજુરે,
તેથી ગરબો ગાવો, આનંદે સૌ સાથ,
નમીએ પુરણુ પ્રીતેથી બહુચર માતનેરે,
ભક્તો હળી મળીને માના ગુણુ ગાઇશુરે,
તેથી સેવક સઘળા લેજો તાલી હાથ. નમીએ.

સાખી

નવ તમ શોભા શી કહું, મુખથી કહ્યુ નવ જાય,
ઇંદ્રપુરીનું ધામછે, ગાજી રહું ગગન માંય.
સોના સીખર, માજીનું ઝગારી રહ્યુ રે,
ઉપર ફરકે માજીનું નીશાન. નમીએ.

સાખી

મંડપ રચના શી કહું, દીલમાં આણો જ્ઞાન,
ધંધામાં બાઝી રહ્યા, ધરો માજીનું ધ્યાન.
ચોવીસ કલાકમાં બે ઘડી બહુચર તણીરે,
ભજો ભજો સૌ નર ને નાર. નમીએ.

સાખી

માથે મુગટ સોહામણો, મરઘ થયાં અસવાર,
પેહેરી સાડી શોભતી, ઊર એકાવન હાર.
સોના કંકણુ માજીના કરે ધરયારે,
શું શોભે છે ટીલડી લેલાટ. નમીએ.

સાખી

સોલંકીનું કલંક ઊતારીને, સુખ આપ્યુ સંસાર,
મેહેરીનો મરદ કીધો, વંદુ વારમવાર,
એવાં ભક્તોના કામ માજી, તમે કરયારે,
તેથી ઉતારોને ભવની પાર. માના ચરણ.

ગાયન ૨૪ મુ. રાગ આઠ રાજા પીલે દારૂડી.

સાય આવી થાજો સનખલપુરી, આ ગુના કરીને માફરે (૨) આ ગુ.
મુજ જેવા મા અનેક તમને, તમ જેવા મુને એક,
મુજ ઉપર મા મેહેર કરીને, (૨) આવી રાખો અમારો ટેકરે. (૨) આ ગુ.
બહુચર મોરી માવડીને, હું છું તારો બાળ,
આપ સુખ મને સ્નેહ કરીને. [૨) નાવે મુજપર કાળરે.(૨) આ ગુ,

ગાયન ૨૫ મુ. રાગ નીરબળ શતરૂ.

બહુચર માતા કરો સુખ સાતા, સેવકને સાય થાવોને;
દુખ અમારા કાપીને મા, આ ભવમાંથી ઉગારોને,
હું તો નમુછું આ પાય, માજી કરો તમે સાય,
આવીને સેવક માજી ગુણ તારા ગાય,
હર દીન ખુશી થઇ, સેવક પારે જાય, બહુચર.
હું તો નમુ દાડી દાડી, માજી જાવું વારીવારી,
હરનીશ ભકતી કરૂં માજી તારી તારી,
રણછોડ દાડી સેવા તારી કરે સારી. બહુચર.

ગાયન ૨૬ મુ. રાગ ભતૃહરી.

બહુચર મા લજા મારી રાખજો, કહુંછું વારમવારજી,
સંસાર સાગર સઉ દુઃખનો, નમી કહુંછું નીરધારજી. બહુ.

કામ કઠીણુ કળી કાળનું, ઊતરવું ભવપારજી;
ભણેલા ગણેલા ભુલ્યા ચુકયા, મોટા માહ મુની રાયજી. બહુ.
અભણુ અજાણ્યો હું બાળકો, કરો અમારી સાયજી;
ધ્યાન ધરૂં માજી તમતણું, નમી લાગુ હું પાયજી. બહુ.
જેવોરે તેવો માજી દાસ છું, પુરો મનડાની આસજી;
ગાંડારે ઘેલો સેવક તાહરો, આપો ચરણનો વાસજી. બહુ.

ગાયન ૨૭ મું. રાગ પુનમ ચાંદનીનો.

બહુચર માજીની મુરતી આનંદે વધાવીએરે,
તેથી ચાલો સૌ દરસન કરવા કાજ;
એવી દીન દયાળી બહુચર મોરી માવડીરે,
સહુ હરખ ધરીને નમીએ, બહુચર માતનેરે,
તેથી બધું એનો થાલો સેવા કાજ. એવી.

સાખી.

માથે મુગટ સોહામણો, ઊર એકાવન હાર.
પેરી શાડી શોભતી, ઝાંઝરનો ઝમકાર.
કંકુ કેસરની આડયોતો લેલાટ છેરે.
તેથી દરસન કરવા ચાલો નરને નાર. એવી દીન.

સાખી.

સનખલપુર સોહામણું, ત્યાં દરશનનો મેં સાય,
ચોક ચુંવાળ વાશો કીધો, કંચન દીશે કાય.
માની આંગી તો વીધ વીધ ભાતનીરે.
તેથી દરસન કરવા ચીત મારૂ ચાલ. એવી દીન.

સાખી

ત્યાં ગુલાબ ફુલ ઉછળે ઘણા, અંતરનો નહિ પાર,
ગુલાબનો કોટે હાર છે, દીસે ઝાક ઝમાર.
કેવી કેસરને કસ્તુરીની મેહક છેરે,
કેવો ભમરો કરેછે ગુંજાર. એવી દીન.

સાખી.

માજી મુખડું જોઇને, ઉમંગ થયો મનમાંય.
તેથી હું પાએ નમું, કરો ભકતની સાહ્ય.
માનુ દેરૂ તો ગગન ગાજી રહ્યુંરે.
તેથી સોભે છે, આ માજીનો દરબાર. એવી દીન.

ગાયન ૨૮ મું. રાગ ઇસતન ધનકી કોન બડાઇ.

કેવી બની છે માજીની આંગી, દેખી સેવક ચીત ચટપટી લાગી. (૨) કે.
ખડક તીશુલ માયે કરમાં ગ્રહ્યાં છે, તે દેખીને મન મારા મોહી રહ્યાં છે (૨) કે.
મરઘ ઊપર અસ્વારી કીધી, સોલંકીનું દુઃખ કાપી સાહ્યજ કીધી. (૨) કે.
કર માંહે કંકણ બાંહે છે બાજુ, કાનમે કુંડલ બીછવાને વાજું. (૨) કે.
બહુચર માડી સુખ કરનારી, વારણા લઉં હું વારમવારી, (૨) કે.
દાસ હરગોવન અરજ કરેછે, મુરતી તમારીનું ધ્યાન ધરેછે. (૨) કે.

ગાયન ૨૯ મું. રાગ. ક્ષત્રીકલંક

આવ્યા સરણાને કરો માજી સાય. આનંદ રૂપી દેવી મારીરે.
ભકત જનને બુડતાં ઝાલો બાંય. આનંદ.
કરો કરૂણાથી કુશળ કલ્યાણ. આનંદ.
સેવક ઊભો કરે પ્રણામ. આનંદ.

થયા મરઘ ઉપર અસ્વાર. આનંદ.
કર માંહી ગ્રહી તલવાર. આનંદ.
છો ચાર જુગની દાતાર. આનંદ.
સૌ ભકતો ઊતારો ભવપાર. આનંદ.
ગુણ ગાય તમારા દાસ. આનંદ.
તમે પુરજો શેવકની આસ. આનંદ

ગાયન ૩૦ મું રાગ બનઝારો. હું કેમ જવા દઊં જાણી.

સુણુ બહુચર માતુ અમારી, હું સેવા કરૂ છું તમારી.
દેવીરે તમે પુરજો આસ અમારી, સેવકને લેજો ઊગારી.
કહું છું માત, કરો સુખ સાત. ટાળો દુઃખ ભ્રાંત.
તમે દયા તે દીલમાં ધારી. હું શેવા.
તમે સાંભળો બહુચર માતા, ગુણ સેવક તારા ગાતા.
અરે મંમાય, કરો સુખ સાહ્ય, લાગુ હું પાય.
વંદુ હું વારમવારી. હું સેવા.
તમ દાસ ગરીબ અનાથ, હું જોડુ બંને હાથ.
જાણી તમ બાળ; તારો તતકાળ, જપુ તમ માળ.
અરજી લેજો ઊર ધારી. હું સેવા

ગાયન ૩૧ મું. રાગ સુંદીર શામળીયા.

દેવી દીન દયાળ, શેવક જનને ઉગારો, જાણી તમારા બાળ.
ભવની પાર ઉતારો. દેવી દીન.
દેશ દેશથી સંઘ તારો આવે, કાવડ વાળા પુષ્પ લાવે.
તેતો માજી હેતે વધાવે, એ માજીના મનમાં ભાવે.

તેના રોગ દોગ સહુ ટાળો, (૨) દેવી દીન.
રશીક મંડળી જપે માળા, આપ છો દેવી દીન દયાળા.
એવાં દીશોછો માજી કૃપાળા, ભવની પાર ઉતારો બાળા.
અરજી ઊરમાં ધારો. (૨) દેવી દીન.

ગાયન ૩૨ મુ. રાગ આજે આનંદ આનંદ.

માજી મહેર કરી, કષ્ટ હરી, પાપ હરો.
માજી વીનંતી અમારી રૂદેમાંહી ધરો.
દુઃખીઆના દુઃખ હરો, શેવક પર સહાય કરો.
નમુ પાય, પાય, પાય. માજી
આવ્યો આજ, રાખો લાજ, માજી સુખ કરો.
ભકત જનોની મા ભીડ હરો,
દામ વીનાનો દાસ તારો, પ્રેમ કરી મુને ઉગારો.
નમુ પાય, પાય, પાય. માજી.

ગાયન ૩૩ મું. રાગ ચાલો ચાલો ભાઈ જમવા.

બહુચરને મળવા ચાલો, ચાચરમાં જઇને મહાલો.
રૂડો ચાચર ચોક માનો, ત્યાં શોભા બહુ સારી,
શી કહું શોભા સરોવર કેરી, ભેરવની બલીહારી. બહુચર.
બહુચર મોરી માવડીને, હું છું તારો બાળ.
આપ સુખ મન સ્નેહ કરીને, ના આવે મુજપર કાળ. બહુચર.
ગુણ ગાય છે રસીક મંડળી, સઉ તમારા દાસ.
દીન દયાળી હે મંમાય, સનખલપુર મા વાસ, બહુચર.

ગાયન ૩૪ મું રાગ થયા છોરે.

દીસો છોરે માજી મરઘપર બીરાજો, તમપર જવું વારી
તમપર જવું વારી, દયાળુ તમપર જવું વારી. દીસો.
સનખલપુરમાં આપ બીરાજો, બાળી બહુચર માત.
માજી માહરી, સેવા તારી, મુને પ્યારી, બલીહારી.
દેવી દયાળી, સુખ કરનારી, (૨) સાય કરો મારી. દીસો.
આંધળાને આંખજ આપો, પાંગળાને પાય.
દુખ કાપો, સુખ આપો, ભકત થાપો, બુધ્ધી આપો.
વાંઝીઆને પારણા બંધાવો (૨) ધન્ય બહુચર બાળી. દીસો.
માની પાસે હવન થાયે, ચીર સુંદળી હોમાય.
સેવક તારી, લ્યો ઊગારી, ગતી ન્યારી, છબી તારી.
બ્રાહ્મણ સઘળા વેદ ભણે મા, [૨] ગુણ ગાય રસીક મંડળી. દીસો.

ગાયન ૩૫ મું. રાગ દશા આ શી થઇ મારી.

બહુચર માજી છો તમે મારી, નમુ છું હું તુને વારી. (૨)

સાખી

માજી મુખ જોયા વીના, ચીત મારૂ કળમાય.
દેવી દીન દયાળ છો, દરશન દયો મંમાય.
માજી શી અકળ ગતી તારી, (૨) દયાળી દીલ દયા ભારી. બહુ.

સાખી

બહુચર માજી માહરી, નમન કરૂં છું આજ
કૃપા કરીને તારજો, રાખો અમારી લાજ.
થયો દુખીઆરો મા મારી, (૨) અરજ લ્યો ઉરમાં ધારી. બહુ.

સાખી.

દયા કરીને માતજી, ઊગારો કૃપાળ.
તારો તારો મુજને, હું છું તમારો બાળ.
માજી મુજ રંકને તારી, (૨) સાહ્ય કરો દુઃખ હરનારી. બહુ.

ગાયન ૩૬ મું. રાગ પંડીતાઇ પલમાં.

સેવી લઉં સેવી લઉં થાય છે, માજી તુજ દરશનમાં ચીત જાય છે.
સનખલપુરની શોભા છે સારી, જોઇ જોઇ દીલ ખુશી થાય છે. (૨) માજી.
હર્ષ ઉમંગ મને વાધ્યો છે અંગમાં, જોવાને ચીત મારૂ ચાય છે. માજી.
ઊગમણો માનો ગોખ બીરાજે, સનમુખ સુર્ય ઉદે થાય છે. માજી
દેશ દેશથી સંઘ આવે છે, આવીને ગુણ તારા ગાય છે. માજી

ગાયન ૩૭ મું રાગ રૂડી રઢીઆળી રાત.

રૂડો આનંદ છે આજ (૨) માહાલોને ભકતો ચુંવાળ ચોકમાં.
કરો ભકત શુભ કાજ (૨) માજી તો બેઠાં સનમુખ ગોખમાં.
વાધ્યો હર્ષ ઉમંગ મનમાં, (૨) લાવી પ્રેમ છબી તનમાં. (૨) મહાલો.

સાખી.

ચંદ્ર સુરમાં શોભતી, સોભે રજની આજ
પ્રીત થકી સૌ ભગતો મળી, ધ્યાન ધરો શુભ કાજ.
પ્રીતે થકી,ભકત મળી,ગુણ ગાય માડી, દયાધારી દીલમાંહી સાહ્યકરો દાડી.[૨]

સાખી

જઇને માજી આગળે, નમીયે સહુ સંગાથ.
તાલી લ્યો સહુ હરસથી, ઉપાડીને હાથ.
ઉમંગ વધારોરે, ભકતો જન ઉમંગ વધારોરે.
તાલી હરસની સાગર લઇને પ્રેમ વધારોરે.

ગુણુને ગાવોરે માજીના સેવક ગુણુને ગાવોરે
ભક્ત ધરી મુખ ધ્યાન લઇને મન મનાવોરે.

સાખી.

મંડપ રચના શી કહું, શોભાનો નહી પાર
પેરી સાડી મા સોભતી, ઉર એકાવન હાર
રમો સેવકો સાથ (૨) આનંદ વધારી ત્રણ લોકમાં
જોડો માજીને હાથ, (૨) વીનંતી કરો સેવક શોખમાં. રૂડો

ગાયન ૩૮ મું, રાગ કેમ સે સે ઉજેની.

બંધુઓ જગમાં જુદાઇ ન કેહના.
જગમાં જુદાઇ ના કહેના, માત બહુચરકા નામ અપને લેનારે. બંધુઓ
બાલા બેડી બરખડી છૈયાં, (૨) માત બહુચર નામ ધરૈયારે, બંધુઓ.
દર પુનમે સંઘ માનો જાય, (૨) જઇ ગુણ માજીના ગાયરે, બંધુઓ.
સઉ માનસરોવર નાહ્ય, (૨) ત્યાંતો પાપીજ પાવન થાયરે. બંધુઓ.
કર માંહી ગ્રહ્યું છે તીસુર, (૨) માયે માર્યો છે મહીખાસુરરે. બંધુઓ.
માયે કીધો છે ઘોડીનો ઘોડો, (૨) તેનો જૂગમાં ના મલે જોડોરે બંધુઓ.
માયે કુલડીએ કટક જમાડ્યું (૨)સઉ ભક્તને પારખું દેખાડ્યુંરે. બંધુઓ.
માજી શોલંકીને વર દીધો, [૨] પુત્રીનો તે પુત્ર કીધોરે. બંધુઓ.
એવા ઘણા કીધા માયે કામ, [૨] ચોક ચુંવાળ છે માનુ ધામરે બંધુઓ.
ગુણ રસીક મંડળી ગાય, [૨] માજી કરજો સઉની સાયરે. બંધુઓ.

ગાયન ૩૯ મું. રાગ જો સખી ઝરૂખે પેલા આવ્યા પ્રાણ નાથ.

ઓ માત બહુચર આજ, સુણો વાત માહરી.
ભક્તિ તારી કરૂ સારી, ભુલુ નહિ જરી. ઓ માત.

દુઃખ કાપી સુખ આપી, સાચુ દયો ખરી.
શકિત નમુ પાય તારી કષ્ટ લો હરી. ઓ માત.
દીન દયાળ આપ છો, ચડો અમારી વાર.
હેત ધારીને ઉમંગ, વંદુ નીરધાર, ઓ માત.
બહુચર માત, જોડી હાથ, વંદન કરીએ આજ.
મહેર કરીને માજી મારી, રાખો અમારી લાજ. ઓ માત.
ગુણ ગાવું આરતી કરૂં, નાચું થેઈ થેઇ કાર,
ભાવ કરીને માજી મુને, ઉતારો ભવપાર. ઓ માત.

ગાયન ૪૦ મું રાગ ગાડી આવી ગુજરાત

દરશનથી દુઃખ જાય, મૈયા તારૂ ધ્યાન ધરૂં છું.
બહુચર બલધારી માય. મૈયા તા.

સાખી

સનખલપુર બીરાજતા, સોભા અપરમપાર.
પારે શેવક આવે ઘણા, માજી વંદે છે વારમવાર. મૈયા તા.

સાખી

બહુચર દરશન દીજીએ, અમો આવ્યા તારી પાર.
જાણી શેવક તાહરા., તમે ઉતારો ભવપાર. મૈયા તા.

સાખી.

માજી મડપ જોઇને, મન મારૂ હરખાય.
લાગુ પાયે તાહરી, મારા દુઃખ દરીદ્ર જાય.

સાખી મૈયાતા.

મરગ ઉપર બીરાજતા તેજ તણો નહિ પાર.
શેવક પારે આવતા, માજી આવે છે વરણ અઢાર. મૈયાતા,

સાખી.

હાથમે તીસુર શોભતુ કેડે શોભે કટાર.
માથે મુગટ શોભતો, માજી ઊંર એકાવન હાર. મૈયાતા.

સાખી.

કાને કુંડલ શોભતાં, ટીલડી તપે લેલાટ.
મૈખાસુરને મારીને, માજી આવ્યા સનખલપુર ઘાટ. મૈયાતા,

સાખી.

પેરી સાડી સોભતી, ઝાંઝરનો ઝમકાર.
વેઢ આંગળીએ સોભતાં, માજી કેડે સોભેછે કટાર. મૈ.

સાખી.

કાલઠી ગામનો રાજવી, સોલંકી કેવાય.
તેની સાય કીધી તમે, મેહરી મટી મરદજ થાય. મૈ.

સાખી.

સુંદીર મુખડું માજીતણું: દેખીને સુખ થાય,
આવીનેનમે શૌ તુજને, ગુણ રસીક મંડળી ગાય. મૈ.

ગાયન ૪૧ સું. રાગ જળ ભરવાને ગઇતીરે.

મેહર કરજો બહુચર મારે, સાહ્ય કરો તમે મારી
આવી ભકત નમેછેરે, પ્રેમે લેજો ઉગારી. મેહર.

સાખી.

મધુર મુખડુ માજી તણુ, દરશનમાં ચીત ચાય.
એક વાર માજી મળે, તો પવીત્ર કાયા થાય.
આવી અરજ કરૂં છું રે, દરશન દેજો બલધારી.
દેવી દીન દયાળીરે, તમે છો સુખકારી. મેહર.

સાખી

સાહ્ય કરો માજી મુને, દેવી દીન દયાળ.
સૌ સેવકને તારજો, ટાળો ભવ જંજાળ.

હું ભગતી કરૂ છું રે, દયા દીલ તમે લાવી.
સાહ્ય કરજો અમારીરે, અરજી સીકારો આવી. મેહર.

ગાયન ૪૨ મું. રાગ હૈંસણી કદી ચુકે નહીરે.

માતુશ્રી કદી ચુકે નહીરે, (૨) દુષ્ટને ટાળેરે.
માજી મારા ઊભા ખડક ઝાલી, (૨) મૈખાસુર મારીરે. માતુ.
અંબેકાળી, તુળજા માડી, તેમાં સૌથી બહુચર બાળી.
એવી છે બહુચર મા ભોળી, (૨) માજી એ મારીરે માતુ.
સેવક જનને સહાય તુ કરને, દુઃખડા હરને, સુખડા કરને. માતુ.

ગાયન ૪૩ મું. રાગ મોહન તારા મુખડાની માયા લાગીરે.

દીલડામાં દયા લાવોરે, બહુચર માજી, દીલડામાં દયા લાવોરે. બહુ
આવો છુ હું તમ પાસ, સહાય કરો જાણી દાસ.
મનડામાં પુરો વાસરે. બહુચર.
દીસો છો દીન દયાળુ, પ્રેમથી ઘણા કૃપાળુ.
નેત્રથી હું તો નીહાળુરે. બહુચર.
સેવકોને સુખકારી, લેજો મા ભકતોને તારી
સહાય કરો તમે મારીરે. બહુચર
હું છું તમારો બાળ, ન આવે મુજપે કાળ.
દુખ કાપો હે દયાળરે. બહુચર,
ભકતી કરૂ હું તમારી, મનમાં મુરતી ધારી.
આ ભવનો મા ભે ટારીરે. બહુચર.

ગાયન ૪૪ મું. મહાકાળીનો ગરબો.

પાવાના રાય ગરબોરે કોરાયો કે, ફરતી મેલી જારીઓરે લોલ.
રમે રમે રાજાની સોલ રાણી કે, સતરમી કુણ રમેરે લોલ.
રાજાની મોટી ચંચલ નાર કે, રાયને ચાડી કરીરે લોલ.
તારે ઉઠયો પતઇરાય કે, જોવા નવલી નારનેરે લોલ.
નીરખી નખ મુખ સુધી નાર કે, મુરછાગત થયોરે લોલ.
રાજા મન મોહી તારૂણી કે, સૌ પોતે ઘેર ગયુરે લોલ.
ત્યારે માતા ચાલ્યા એકલા કે, પીપી પુંઠે પરવરયોરે લોલ.
જઇને ઝાલ્યો માનો ખેસ કે, પાલવડે હેરયો પડીરે લોલ.
માગ્ય માગ્ય પાવાના રાજન કે, તુજપર પરશન થઇરે લોલ.
માગ્ય માગ્ય પુત્ર કેરી જોડ કે, ઝુલાવુ સોના પારણેરે લોલ.
છે મારે પુત્ર કેરી જોડ કે, ઝુલેછે સોના પારણેરે લોલ.
માગ્ય માગ્ય ઘેલીને ગુજરાત કે, બાણુ લખ મારવોરે લોલ.
છે મારે ઘેલીને ગુજરાત કે, છે મારે મારવોરે લોલ.
માગ્ય માગ્ય પાવાના રાજનકે, તુજપર પરસન થઇરે લોલ.
આપુ આપુ અમદાવાદ જેવુ શેહેર કે, ભદ્ર આલુ બેસણારે લોલ.
છે મારે અમદાવાદ જેવું શેહેર કે, બેસુ નીત ગાદીએરે લોલ.
માગ્ય માગ્ય પાવાના રાજન કે, તુજપર પરસન થઇરે લોલ.
આપુ આપુ ઘોડાની ઘોડાર કે, હાથી આપુ ઝુલતારે લોલ.
છે મારે ઘોડાની ઘોડાર કે, હાથી ઝુલે બારણેરે લોલ.
માગ્ય માગ્ય આપુ તુને વરદાન કે, તુજપર પરશન થઇરે લોલ.
માગુ માગુ એટલુ વરદાન કે, મોલે પધારજોરે લોલ.

ગાયન ૪૫ મું રાગ ક્ષત્રીકલંક.

ફટ ફટ પાવા તણા રાજન, પાવો તે તારો પલ્લે થશેરે
શું બોલ્યો મુખે વચન. પાવો.
તારી પાવાનગરી ઊજડ થાય. પાવો.
તારા પુત્ર તે હમણા મરી જાય. પાવો.
તારૂ પ્રગટ્યું છે રાજા પાપ. પાવો.
તેં રાખ્યુ નહી મારૂ માપ. પાવો.
એવે આવ્યા છે દૈત અપાર. પાવો.
ત્યાં જુદ્ધ મચ્યુ વરસ બાર પાવો.
પત ગયુ પતઇનુ સાક્ષાત. પાવો.
તે તો જુગમાં જાણી વાત. પાવો.

ગાયન ૪૬ મું ક્ષત્રીકલંક

કરગર તો રાજા સરણે જાય, માજી હવે સહાય કરોરે.
મુજ ઉપર કરો કૃપાય, માજી.
હું તો ભુલ્યો છુ પાપી ચંડાળ, માજી.
હું તો થઈ રહું તમારો બાળ. માજી.
મુજ નગરીની થાસે હાણુ. માજી.
બચાવો મારો પ્રાણુ. માજી.
દળ સઘળુ પાછુ જાય માજી.
કરગરી કહુ મંમાય. માજી.
તારે માજી મન આણી ઉમંગ, પતઇનીજ સહાય કરીરે
તેને રાખ્યો પોતાની સંગ પતઇ
ત્યારે હરખ્યો છે પતઈરાય. પતઇ

દર સઘળુ પાછું જાય, પતઇ
માજીએ કાપ્યું પતઇનુ દુઃખ, પતઇ
કાપી દુઃખને આપ્યું સુખ. પતઇ

ગાયન ૪૭ મું રાગ મેહેતાજીરે શું મહી મુલ બતાવું.

મમ માડીરે, બહુચર દીન દયારી, તમે સેવક સહાય કરનારી (૨)
હું તો પાયે નમુંછુ તમારીરે (૨) મહેર કરજો માતુ હમારીરે (૨)
માજી તમપરરે જાવુછું વારીવારી
તમે ભક્ત લ્યોને ઉગારી. મમમાડીરે.
હુ તો દરશને આવ્યો ચાલીરે (૨) કોટે આંસડી તુરા઼ી ઘાલીરે (૨)
માજી ઉભાછોરે હાથમે ખડક ઝાલી.
હું તો નમુછું દાડી દાડી. મમ માડીરે.
માની સોભા તણો નહી પારરે (૨) થયા મરઘ ઉપર અસ્વારરે (૨)
માજી પાયેરે. નમેછે નરને નારી
અમ અરજી લ્યો ઉરધારી. મમમાડીરે
માની આંગી બની બહુ સારીરે (૨) હું તો તમપરછું બલીહારીરે (૨)
નાકે સોભેછેરે, વેસળની કેવી વારી, માજી આપે
તીસુગધારી. મમમાડીરે.
કરજોડી રણછોડદાસ કેહેછેરે (૨) તમ સેવામાં હાજર રેહેછેરે (૨)
માજી ભક્તિરે; કરેછે નીશદીન તારી
લ્યો આ ભવમાંથી ઉગારી. મમમાડીરે.

ગાયન ૪૮ મુ. થાળ રાગ. પામ્યો પામ્યો પદ્મણી.

જમો જમો (૨) માજી જુગ ધારીહો.
માડી બહુચરમા શુભકારી.
થાર લાવ્યોછું તમારી પાસ, ઊમંગ આનંદે લાવ્યોછે દાસ.
પુરો પુરો (૩) માજી તેની આસહો.
દરશન દયો હે મમમાડી. જમો જમો.
ઘેબર ધારી બરફી છે માજી, સુતરફેણી સેવો છે તાજી
થોડા થોડા (૩) મેવા છે માંહી હો
બહુચર મા દીન દયાળી. જમો જમો.
પેંડા પતાસા, સકરપારાઃ મેવા લાબસી ઘેબર સારા
સારા સારા (૩) કાજુ મહી મેવા હો.
મારા આતમના અધીકારી. જમો જમો.
દુધપાકપુરી, સીખંડ કીધો, હેત કરીને પીરસી દીધોઃ
થોડી થોડી (૩) બાસુદી માંહી હો
હુંતો વંદુ વારમવારીઃ જમો જમો.
ભજીઆંને ભાજી કીધીછે તાજી, જમતાં જોઇને થયોછુ રાજી
સાથે સાથે, ટેટી તડબુચ હો.
દાડમ દ્રાખ ચારોરી. જમો જમો.
ગંગા જળની લાવ્યોમા ઝારી, હસ્ત પખાર કરો મમમાડી,
પાન પાન, (૩) ની બીડી કીધી હો.
મહી લવીંગને સોપારી. જમો જમો.
દાસ જમનાની ચડોમા વારે, બળદેવ દાસ ચમર ઢારે.
રણછોડ રણછોડ (૩) છડા પોકારે હો
રસીક મંડળી લ્યો ઊગારી. જમો જમો.

ગાયન ૪૯ મું. આરતી.

જય જગ્ત જનેતા માતા, આરાસુરવાળી. મા.
આ ભકતને આજે, (૨) સહાય થાવો માજી, જયો જયોમા જુગતંબે.
ભકત સરવે આવી, ગુણ તારા ગાતામા.
સંકટ સરવે કાપી, (૨) કરો સુખ શાતા. જયો જયો.
કાને કુંડલ બીરાજતામા, નાકે છે વારીમા,
આરાસુરને મારી, (૨) ઊભા ખડક ઝાલી, જયો જયો.
બ્રહ્મા વીષ્ણુ માહેશ્વર, ગુણ તારા ગાતા. મા.
અખંડ બ્રમાંડ ઊપાઝ્યા, (૨) તમ તારૂણી માતા. જયો જયો.
નવખંડે તુજનામ, બહુચર બળધાળી. મા.
આરાસુર અંબાય, પાવાઘઢ કાળી. જયો જયો.
રૂડો ચાચર ચોકમાનો, ત્યાં સોભા સારી. મા.
બટુક ભેરવ સોઇએ, નારસંગ બલીહારી. જયો જયો.
પ્રેમથી આવી પુંજુ, મોરીમાત સોભાનો નહિપાર. મા.
કલ્લાં કાંબી સોભતાં, (૨) ઝાંઝરનો ઝમકાર. જયો જયો.
બાંહે બાજુબંધ બેહેરખાં મા, ઊર એકાવન હાર. મા.
દેવી દીન દયાળી, (૨) સનખલપુર સરદાર. જયો જયો.
રસીક મંડળી મળીને, ગુણ તારા ગાતા મા.
ભકત સરવે તારી, (૨) આપો સુખ માતા. જયો જયો.
આરતી લીખી જે પ્રકારે, જે કોઈ ગાશે. મા.
ગાય શીવાનંદ સ્વામી, સુખ સંપત થાસે. વૈકુંઠે જાસે. જયો જયો.

સમાપ્ત.

શાહાપુર જીલ્લો.

૨૫ રા. રા. કેસવલાલ જીવાભાઇ	૧ ભાવસાર સોમનાથ ગોપાલદાસ.
૬ શા. ચુનીલાલ દામોદર	૧ ઘાંચી સાંકરચંદ અમરતલાલ
૨ શા. હરગોવનદાસ મુલચંદદાસ.	૧ પા. મોતીલાલ કાળીદાસ
૨ ભાવસાર શકરાલાલ રાયચંદ	૧ શા. ડાહ્યાભાઇ રણછોડલાલ
૨ ભાવસાર દમાભાઇ છગનલાલ	૧ તરવાડી ભાઇશંકર નારણદાસ
૧ શા. મગનલાલ પ્રાણલાલ	૧ ઘાંચી તલસી બબલભાઇ
૧ શા. વનમાળીદાસ લખમીચંદ	૧ ઘાંસી નારણદાસ સાંકલચંદ
૧ શા. સોમનાથ જમનાદાસ	૧ વૈદ માણેકલાલ ક્રષ્ણારામ
૧ શા મોહનરામ કાસીરામ	૧ ભાવસાર ભોગીલાલ છગનલાલ
૧ શા. ભુલાભાઇ રણછોડ.	૧ ઘાંચી જેઠાલાલ છગનલાલ
૧ ભાવસાર પરભુદાસ બલાખીદાસ	૧ ઘાંચી ડાહ્યાભાઇ દામોદર
૧ ભાવસાર પરસોતમ ગણેશ	૧ ભાવસાર સોમનાથ ગોપારદાસ
૧ ઠકર. દામોદર નાનજી	૧ ભાવસાર દલસુખ લીલાચંદ
૧ ભાવસાર ડુંગર પીતાંબરદાસ	૧ ભાવસાર કચરાદાસ માધવજી
૧ દરજી કેસવલાલ બલાખીદાસ	૧ ઘાંયજા મગનલાલ ભીખાદાસ
૧ ભાવસાર ચુનીલાલ મહાસુખ	૧ ઘાંયજા કચરાભાઇ મંછારામ
૧ ભા. ભોગીલાલ જગજીવનદાસ	૧ ભાવશાર લલુ ગીરધર
૧ ભાવસાર જમનાદાસ મનસુખરામ	૧ ભાવસાર મગનલાલ તરભોવન
૧ રજપુત બળદેવસીંગ સવજી	૧ ભાવસાર દલપત પરશોતમ
૧ ભાવસાર અમથાલાલ ભગવાન	૧ ભાવસાર મુલજી તરભોવન
૧ ભાવશાર શોમનાથ જેઠાલાલ	૧ પટેલ જગજીવન મનસુખ
૧ ભાવશાર ગોપાલદાસ સાંકરચંદ	૧ ભાવશાર લખમીચંદ કારીદાશ.
૧ ભાવશાર. માધા ચકા.	૧ ભાવશાર. રેવા લીલાચંદ.
૧ ભાવશાર. જીવા મયા.	૧ ભાવશાર. જીવરામ છગનલાલ.
૧ ભાવશાર. હીમતરામ માધા.	૧ ભાવશાર. ભલાભાઇ છગનલાલ.
૧ ભાવશાર. વીઠલ લીલાચંદ.	૧ કુંભાર. ગંગારામ ભીખારામ.
૧ કુંભાર. હરગોવન પરભુદાશ.	૧ ભાવશાર. ગણપત ડોશલચદ.

૧ ભાવશાર. ઘેરમા રવીચંદ. ૧ ભાવશાર. નથુરામ કેવરદાશ.
૧ ભાવશાર. હરજીભન નાનચંદ ૧ રજપુત રામશીંગ જેશીંગ.
૧ બારોટ. રતુભાઇ પથુ ૧ બારોટ. પરભુદાસ ગગલભાઇ.
૧ બારોટ. ભુદરદાસ આલજી. ૧ બારોટ. માનસીંગ ભીખા.
ભોઇવાડો–૧ ભોઇ પાનાચંદ જેઠાલાલ ૧ ભોઇ ધના દેવજી
૧ ઠાકોર કાલીદાસ ૧ ભોઇ મયાભાઇ કાનજી
૧ ભો. તલશીદાસ મયારામ.

લુણસાવાડો.

૧ કડીઆ ચુનીલાલ પુજારામ. ૧ શા. મણીલાલ પાનાચંદ

ધીકાંટો.

૧ પટેલ મનસુખભાઇ મલુકચંદ. ૧ પટેલ. નારણદાસ ગીરધરદાસ.
૧ ભાવસાર ખુસાલદાસ મગનલાલ. ૧ ત્રવાડી નથુરામ પરભુરામ.
૧ ભાવસાર મણીલાલ મયાચંદ ૧ ડાહ્યાભાઇ પરસોતમ

કાલુપર.

૧ કડીઆ. ભીખાભાઇ રામજી. ૧ કડીઆ. રવીચંદ ઘેલાભાઈ.
૧ કડીઆ. ગીરધર રવીચંદ. ૧ કડીઆ. અમા ગીરધર.
૧ કડીઆ. પુજાલાલ સાંકરચંદ ૧ ઘાંચી. મોહનલાલ ચુનીલાલ.
૧ ઘાંચી. સીત્રલાલ નથુરામ. ૧ ઘાંચી. લલુભાઈ વનમાલી.

રાયપુર જીલ્લો.

૧ ભાવસાર હરીલાલ પરસોતમદાસ. ૧ ભાવસાર. બલાખી સોમનાથ,
૧ સોની, જીવણલાલ નારાયણદાસ. ૧ ભાવસાર સોમનાથ નથુભાઇ.
૧ પટેલ, ગલાબચંદ હરજીવનદાસ ૧ ત્રવાડી, મોતીલાલ પ્રાણસંકર.
૧ ત્રવાડી જમનાસંકર મુરજી હોઝા, ૧ ત્રવાડી મથુરભાઇ મનસુખ
૧ ભાવસાર, બેચર છોટાલાલ. ૧ ભાવસાર માણેકલાલ ચુનીલાલ.
૧ ભાવસાર, પીતાંબર કેવળદાસ. ૧ કાછીઆ બેચરદાસ છગનલાલ.
૧ ભાવસાર, સોમનાથ સામરદાસ. ૧ ભાવસાર, ઈશ્વરદાસ જેઠાલાલ
૧ ભાવશાર. કાલીદાસ રવીચદ. ૧ ભાવશાર. રણછોડ મંગલ.
૧ ભાવસાર મનસુખરામ ગટાલાલ. **કારજ.** ઘાંચી ચમનલાલ કાલીદાસ.
પાદ્રા–૧ ગાંધી ધનજીરામ ધરમદાસ. ૧ ભાવસાર કલ્યાણદાસ જોઈતારામ

જાહેર ખબર.

સર્વે શાણા અને શોખીલા સજ્જનોને ખબર આપવ આવે છે કે આ પુસ્તકો અમારી પાસેથી તેમજ નીચે લ લેલા ઠેકાણેથી મળશે, માટે જે સાહેબોને જોઇતાં હોય મણે રોકડી કીંમત આપી મંગાવી લેવા. બાહાર ગામવ લોકોએ પોસ્ટેજ સાથે એક આનાની ટીકીટ મોકલવાથી તુ-રત મોકલવામાં આવશે. હરેક પ્રકારનો પત્ર વ્યવહાર નીચેના સીરનામે કરવો. નોટપેડ પત્ર લેવામાં આવશે નહિ.

સુચના—મારા દેશી ભાઇઓને મારી વીનંતી છે કે સદરહુ પુસ્તકમાં કાંઇ પણ જાતની ખામી માલમ પડે તો તે સુધારી લેવા તસ્દી લેશો એવી મારી અરજ છે.

આ પુસ્તક મળવાનુ ઠેકાણું.

ભાવશાર રણછોડલાલ દલપતરામ

ઠે. દીલ્લી દરવાજે સાહાપુર પરબની પોળ.

મુ. અમદાવાદ.

લી૦ સેવક.

ભાવશાર જમનાદાસ મનસુખરામ

રસીક મંડળી તરફથી.